


# માનવ મંદિર

**સાવરકુંડલા થી પાંચ કિલોમીટર દૂર હાથસણી રોડ ઉપર આવેલ એક એવું મંદિર કે જ્યાં માનવીઓની પૂજા થાય છે આ માનવીઓ છે જેનું કોઈ નથી અને રોડ ઉપર રખડતી ભટકતી સમાજે તરછોડાયેલી પરિવારે તરછોડેલી મનોરોગી બહેનોનું મંદિર**



આવો આ અલૌકિક આશ્રમના દર્શન કરી ધન્યતા અનુભવીએ..સાવરકુંડલા તાલુકાના કાત્રોડી ગામમાં જન્મેલા ભક્તિ રામ જેજેરામ ગોંડલીયા એ કોલેજ પૂરી કરી કથાના ક્ષેત્રમાં ઝંપલાવ્યું.. પિતા જેજેરામ ગોંડલીયા પાસેથી ધર્મ અને સંસ્કારોનું શિક્ષણ લઈ રામ કથાઓ શરૂ કરી શિવ કથા અને ભાગવત સપ્તાહ પણ વાંચી જીવનના 37 વર્ષ કથાના ક્ષેત્રમાં સમગ્ર ગુજરાત અને ગુજરાત બહાર કથા યજ્ઞ કર્યા લગભગ 375 જેટલી કથાઓ વાંચી સ્વભાવે સરળ સચોટ શબ્દોમાં વાત કરવાની ટેવ અને સત્ય ભાષાનું આચરણ કરનાર ભક્તબાપુ દ્વારા માનવ મંદિર મનોરોગી આશ્રમ નો જન્મ કેમ થયો તેના ઉપર નજર કરીએ તો..

આજથી 13 વર્ષ પહેલા એક રામકથા કરી રહ્યા હતા ત્યારે રામકથા પરિસરમાં અગ્ર ભાગમાં સોફા ઉપર એક પાગલ આવીને બેસી ગયો મેલા પહેલા કપડાં શરીર દુર્ગંધ મારે અને આ વીઆઈપી જગ્યામાં બેસી જવાથી આયોજકોએ તેને ત્યાંથી ઊભો કરી બહાર લઈ જઈ રહ્યા હતા ત્યારે આ દ્રશ્ય વક્તા ભક્તિ બાપુ એ જોયું એમ કહેવાય છે કે સંત અને શિક્ષકનું હૃદય દયાળુ અને કોમળ હોય છે ભક્તિ બાપુએ કહ્યું કે એમને બેસવા ગયો જુઓ એ રામકથાના બે શબ્દો સાંભળશે અને કદાચ એના જીવનમાં પરિવર્તન આવશે તો ગામને ફાયદો થશે અને એનું જીવન સુધરશે પરંતુ આયોજન કોઈ વક્તા ભક્તિ બાપુનું માન રાખી અને એને છેલ્લે બેસાડ્યો આ દ્રશ્યથી વકતા ભક્તિ બાપુનું હૃદય દ્રવ્ય કથાના છેલ્લા દિવસે એક મોટી જાહેરાત કરી કે જે આયોજકો અને સેવકોને મોટો આંચકો લાગ્યો બાપુએ કહ્યું કે હવે મારે આ પાગલોની સેવા કરવી છે જેના અનેક સગા સંબંધીઓ હોવા છતાં એનું જગતમાં કોઈ નથી એવા મનોરોગીઓની હું સેવા કરી અને જો સમય મળશે તો રામકથા સંભળાવીશ આ નિર્ણયથી શ્રોતાઓ નવાઈ પામી ગયા અને ભક્તિ બાપુ ના નિર્ણય અડગ હતો..

સમય વીતતો ગયો એકાદ વર્ષ બાદ પાગલ આશ્રમ બનાવવા માટે જગ્યાઓ




શોધતા શોધતા સાવરકુંડલાના હાથસણી રોડ ઉપર 10 વીઘા નું એક ટીંબો ધ્યાનમાં આવ્યો એ સ્થળે જઈ હનુમાન ચાલીસા કર્યા પોઝિટિવ ઉર્જા દેખાણી અને નિર્ણય કર્યો તો મનોરોગી આશ્રમ બનાવવા માટે આનાથી બીજી શ્રેષ્ઠ જગ્યા ન હોઈ શકે સેવકોને ખબર પડે અને બાપુ નો સંપર્ક કરવા લાગ્યા યથા યોગ્ય મદદ કરવાની વાત કરી રૂપિયા 45 લાખના ખર્ચે આ 10 વીઘા જમીન ખરીદ કરી પૈસા પાસે નહોતા સેવકોની મદદથી અને પોતાના ધર્મ પત્નીના ઘરેણા વેચીને જમીનનું બાનુ આપ્યું ત્યારબાદ દસ્તાવેજ કરવામાં આવ્યો અને તેના ઉપર લોન અને ઉછીના પૈસા આડાઅવળા કરીને રકમ ચૂકવવામાં આવી જેમ જેમ ખબર પડતી ગઈ તેમ તેમ સેવકો ની મદદ મળતી ગઈ અને સૌના સહકારથી ધીમે ધીમે માનવ મંદિર આશ્રમ નિર્માણનું કાર્ય શરૂ કર્યું પાયાના સેવકો એ પોતાના પૈસા નું રોકાણ કર્યું અને બાપુની આ સેવામાં સહભાગી થયા જેમાં નીરુભાઈ ઝડકલા થી અને ભાભલુભાઈ ખંભાળિયા થી તેમજ લોકસાહિત્યકાર મનસુખભાઈ વસોયા મોટી ખીલોરી વાળા તેમજ રાજકોટ થી અજાબાપા પરિવાર ધીરુભાઈ સોરઠીયા નું યોગદાન મહત્વનું રહ્યું છે ત્યારબાદ અનેક સેવકોના સહકારથી શરૂઆતમાં 26 રૂમ બનાવવામાં આવ્યા એવું નક્કી કર્યું કે એક રૂમમાં એક મનોરોગીને રાખવાનો નિર્ણય કર્યો આજથી 11 વર્ષ પહેલા શરૂઆતમાં 18 મનોરોગી બહેનો ભાઈઓને એડમિશન અપાયું સૌથી મહત્વનો અને અઘરો નિર્ણય એ હતો કે કોઈ પાસે ફાળો કરવા જવું નહીં અને કોઈ પણ પ્રકારની ફી લેવી નહીં સેવકોએ કહ્યું કે બાપુ સાવરકુંડલા થી પાંચ કિલોમીટર જંગલમાં આ આશ્રમ છે અને આ કોણ પૈસા દેવા આવશે ? કોણ મદદ કરવા આવશે ત્યારે બાપુએ જે જવાબ આપ્યો તો ખૂબ જ મહત્વનો હતો જો મારો નિર્ણય ખરેખર સેવા કરવાનો હશે તો રામ ગમે તેને મોકલશે અને મદદરૂપ થશે નહીંતર સાધુ નો દીકરો છું આસપાસના ગામમાં લોટ માગીને પણ મારે હવે પાગલોની સેવા કરવી છે..

મેવા મળે કે ના મળે મારે સેવા તમારી કરવી છે મુક્તિ મળે કે ના મળે મારે ભક્તિ તમારી કરવી છે...

આમ દ્રઢ નિર્ણય અને રામના ભરોસે 18 મનોરોગી બહેનો ભાઈઓના સેવાયજ્ઞથી શરૂ કરેલ આ મનોરોગીઓની સેવા કરતા કરતા અનેક અનુભવો થયા સાવરકુંડલા જેવી મોટી હાઈસ્કૂલના નિવૃત્ત શિક્ષક મકનજીભાઈ ઝડફિયા ભક્તિ બાપુને સેવા સાથી બન્યા જીવનના અંતિમ સમય સુધી પાગલોની સેવા કરવામાં તેઓ મદદરૂપ બન્યા ત્યાર બાદ તેમના દીકરી મનીષાબેને પણ ભક્તિ બાપુની સેવામાં સહકાર આપી જીવન સમર્પિત કરવાનો



નિર્ણય કર્યો અને ભક્તિ બાપુને જ ગુરુ ધારણા કરી શિષ્ય બન્યા અને ભગવા વસ્ત્ર ધારણ કરી સેવાના ભેદ સારી બન્યાશરૂઆતનું એક વર્ષ ખૂબ જ કપરુ વીત્યું... જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ મદદ મળતી ગઈ અને જેમ જેમ અનુભવો થતા ગયા તેમ તેમ માનવ મંદિર આશ્રમના એડમિશનમાં નિયમો બનતા ગયાભક્તિ બાપુ ના ભોળા સ્વભાવ અને માયાળુ સ્વભાવનો લાભ લઈ કેટલાક લોકો પોતાની વૃદ્ધ માતા ને પાગલ કહી અને મૂકી ગયા અને એમાંથી જન્મ થયો ભક્તિ બાપુ ના બીજા આશ્રમ વૃદ્ધાશ્રમ નો આ વૃદ્ધાશ્રમ ભક્તિ બાપુના શિષ્ય મનીષા દીદી હાલ સંચાલન કરે છે જે અમરેલી બાયપાસ ઢોલિયા ધારે સ્થિત છે...જોકે પહેલેથી જ એવો નિયમ તો રાખ્યો જ હતો કે જેનું કોઈ નથી રોડે રખડે છે તેવા મનોરોગીને જ અહીં દાખલ કરવા શરૂઆતના થોડાક વર્ષો મનોરોગી ભાઈ બહેનો બંનેને રાખવામાં આવતા હતા. પરંતુ મકનજીભાઈ ઝડફિયાના અવસાન પછી ભાઈઓને રાખવાનું બંધ કરી માત્ર મનોરોગી મહિલાઓને જ આશ્રય આપવામાં આવે છે છેલ્લા સાતેક વર્ષથી એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે જેને પોલીસ મૂકવા આવે તેવી મનોરોગી મહિલા ને જ દાખલ કરવાની લેબોરેટરી અને એગ્રીમેન્ટ બાદ અહીં પ્રવેશ આપવો અને સાજા થયા બાદ જે પોલીસ મૂકવા આવી હોય તે પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી તેના પરિવાર સુધી પહોંચાડવાની સેવા હાલ થઈ રહી છે...

આજથી સાતેક વર્ષ પહેલા અમરેલીના પ્રખ્યાત મનોચિકિત્સક ડોક્ટર વિવેક જોશી અને તેના ખાસ મિત્ર દુરદર્શનમાં કામ કરી રહેલા ચંદ્રેશભાઇ બાબરીયા બંને પરિવાર સાથે માનવ મંદિર આશ્રમની મુલાકાતે આવ્યા દરેક મનોરોગી બહેનોની સ્થિતિ અને કહાની સાંભળી ડોક્ટર સાહેબનું હૃદય દ્રવ્ય ઉઠ્યુ ત્યારથી આજ સુધી નિયમિતપણે ડોક્ટર વિવેક જોશી અને તેમના મિત્ર ચંદ્રેશભાઇ બાબરીયા મહિનામાં એક વખત મનોરોગી આશ્રમ માનવ મંદિરે આવે છે દરેક બહેનોને તપાસી તેમની દવાઓ લખી આપવામાં આવે છે અને સીધી જ કંપનીમાંથી કોઈ પણ પ્રકારના નફા વિના આ દવાઓ મંગાવવામાં આવે છે આશરે 35 થી 40 હજાર રૂપિયાની દર મહિને દવાનું ખર્ચો થાય છે..આ માનવ મંદિર પરિસરમાં હાલ મનોરોગી બહેનોના નિવાસ માટે 50 રૂમ તૈયાર છે દરેક રૂમમાં એક બહેનને રાખવામાં આવે છે રૂમમાં સેટી ગાદલુ કમ્બલ પંખો નાની લાઈટ અને જાજરૂ ની સુવિધાઓ ઉપલબ્ધ છે.બે વર્ષ પહેલા આવેલ વાવાઝોડાએ માનવ મંદિર આશ્રમને ખેદાન મેદાન કર્યું હતું અને રસોડું તેમજ બાર લાખની સોલાર અને ગૌશાળા ના પતરાઓ વૃક્ષો ધરાશે થયા હતા ત્યારે રાજકોટ થી કિરીટભાઈ પ્રજાપતિ અને તેમનું ગ્રુપ 15 દિવસની









સેવા કરી આ બધું જ ધીમે ધીમે પૂર્વવત કરવાનો પ્રયાસ કરી સેવા કરી હતી..મનોરોગી બહેનોના જીવનમાં પરિવર્તન આવે ધીમે ધીમે સાજા થઈ જાય તે માટે દરરોજ ગાયનું દૂધ અને છાશ આપવામાં આવે છે માનવ મંદિરમાં હાલમાં 25 જેટલી ગીર ગાયો છે જે અનેક દાતાઓના દાનથી ઉપલબ્ધ થઈ છે...માનવ મંદિરમાં અત્યારે 58 જેટલી મનોરોગી બહેનો ભક્તિ બાપુ ની નિશ્રામાં દવા દુવા અને હવાના માધ્યમથી પુન જીવન પ્રાપ્ત કરવાનું પ્રયાસ કરી રહ્યું છે... 139 મનોરોગી ભાઈ બહેનો અત્યાર સુધીમાં સાજા થઈ પરિવારને મળ્યા છે પાંચ દીકરીઓ ના લગ્ન કરવામાં આવ્યા છે અને એક દીકરીના નીકાહ કરવામાં આવ્યા છે....માનવ મંદિર આશ્રમ રાષ્ટ્રધર્મ અને માનવધર્મ ને વરેલો છે.. આ આશ્રમમાં સમગ્ર ભારતના રાજસ્થાન મહારાષ્ટ્ર બિહાર કર્ણાટક પશ્ચિમ બંગાળ પંજાબ ગુજરાત અને નેપાળની મનોરોગી બહેનો કે જે કોઈની મા કોઇની બહેન કોઈની પુત્ર વધુ કે કોઈની પત્ની હશે.. વિવિધ પ્રાંતની વિવિધ ભાષાની અને વિવિધ જાતિની મનોરોગી બહેનો એક સાથે રહે છે પરંતુ અહીંયા વાતાવરણ અને બાપુની ભક્તિની શક્તિના પ્રભાવને પ્રયાસથી ખૂબ જ સારું પરિણામ મળી રહ્યું છે..આ આશ્રમમાં મનોરોગીઓ ઝડપથી સાજા થાય તે માટે સુંદર મજાના બગીચાઓ સંગીતમય વાતાવરણ સંગીત થેરાપી ગાયનું દૂધ વિવિધ પ્રકારની રમતો કસરતો યોગ અને સૌરાષ્ટ્ર તેમજ ગુજરાત બહારના સમ્યાન્તરે દાતાઓના સહકારથી સ્પેશિયલ બસ મારફતે પ્રવાસ કરાવવામાં આવે છે જેનું પરિણામ ખૂબ જ સારું મળી રહ્યું છે..ખર્ચની વાત કરીએ તો દર મહિને સાડા ત્રણ લાખ રૂપિયા નો ખર્ચ થાય છે પરંતુ અનેક દાતાઓના દાન અને સહકારથી વગર માગે આ આશ્રમે મદદ કરનારા લોકોને કુદરત મોકલે છે એ જ મોટું ચમત્કાર કે સત્ય કે સેવા ગણાવી શકાય..વાવાઝોડામાં રસોઈ ઘર હોલ અને કોઠાર રૂમ નો નાશ થઈ ગયો હતો ત્યારે હવે હાલમાં અદ્યતન ડાઈનિંગ હોલ બની રહ્યો છે જે આશરે એક કરોડ ૨૦ લાખના ખર્ચે તૈયાર થશે તેમ જ આશ્રમમાં કાયમી આવક ઊભી કરવા માટે એક જબરદસ્ત પાર્ટી પ્લોટ તૈયાર થઈ રહ્યો છે જે પણ એકાદ કરોડના ખર્ચે તૈયાર થશે આ બંને ના નિર્માણ માટે જેમ જેમ દાતાઓનું દાન અને રકમ મળતી જાય છે તેમ તેમ કામ આગળ ચાલતું જાય છે જે કોઈની રકમ દાનમાં આવે તેને પાકી પહોંચ પણ આપવામાં આવે છે...



લેખક : સુર્યકાંત ચૌહાણ (માલિક)